ક્રમાંક: ડીએમ/ડીસીએચ/૧૨૦૧/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૧૨/૦૧/૨૦૨૪

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનો હુકમ

આગામી તા. ૧૪/૦૧/૨૦૨૪ના રોજ મકરસંક્રાતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવે છે. જેમાં દોરાઓ અને ઓડિઓ મેગ્નેટિક ટેપની મદદથી પાવર લાઇનની નજીક પતંગ ઉડાડતી વખતે જાહેર જનતા (ખાસ કરીને બાળકો) સાથે દર વખતે વિધુત અકસ્માત થાય છે. જાહેર જનતાના કુલ અકસ્માત માંથી ૫૦% અકસ્માત પતંગ ઉડાડતી વખતે જાહેરજનતાની બેદરકારીના કારણે થાય છે.

જે સંદર્ભે ગુજરાત એનર્જી ટ્રાંશમિશન કોર્પોરેશન લીમીટેડ, સરદાર પટેલ વિધુત ભવન, રેસકોર્સ રોડ, વડોદરાના તા.૨૦/૧૨/૨૦૨૩ના પત્ર ક્રમાંક ૨૦૨૩/૨૪/સીઇ(ટીઆર)/એસીઇ(ટીઆર)/ઇઇ(એસએસ/સેફ્ટી/૬૦૬૨ થી નજીકમાં આવતા ઉત્તરાયણ તહેવારમાં સાવચેતી રાખવા માટે- મેટાલીક દોરાઓ, ઓડિઓ મેગ્નેટિક ટેપ તથા પ્લાસ્ટીક એર બલૂન કે જે વિધુત વાહક છે તેના વેચાણ/ઉપયોગ પર પ્રતિબંધ લગાવવા દરખાસ્ત મળેલ છે.

સબબ, હુ ભાવેશ એન. ખેર, જી.એ.એસ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર, જિલ્લો: જામનગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઇએ ફરમાવુ છું કે, જામનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં કોઇએ તા.૧૨/૦૧/૨૦૨૪ થી તા.૧૬/૦૧/૨૦૨૪ સુધી પતંગો ઉડાવવા – મેટાલીક દોરાઓ, ઓડિઓ મેગ્નેટિક ટેપ તથા પ્લાસ્ટીક એર બલૂન કે જે વિધુત વાહક છે કે અન્ય કોઇ પણ ચીજ જે ઉતરાયણ દરમ્યાન વપરાશમાં આવતી હોય જેનાથી વિધુત અકસ્માતની સંભાવના છે તેના ઉપયોગ, ઉત્પાદન કે વેંચાણ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું. તેમજ અત્રેના તા.૧૩/૧૨/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક:ડીએમ/ડીસીએચ/૧૧૧૨/૨૦૨૩થી ફરવામેલ તમામ પ્રતિબંધ યથાવત રાખી તે ઉપરાંત આ જાહેરનામાના પ્રતિબંધો લાગુ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ માં અધિનિયમ)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિદ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઇથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિદ્ધ કરવું.

આજ તા. ૧૨, માહે. જાન્યુઆરી-૨૦૨૩ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યુ.

Office of the District Magistrate Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના:-

૧. પ્રિન્સિપલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર
૨. ચીફ જ્યુડીશયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
૩. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર
૪. નિયામકશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:-

૧. કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૩. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર
૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)
૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

   ...ઉક્ત જાહેરનામું સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે પ્રસિદ્ધ કરાવવા વિનંતી સહ.

૬. મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/જોડીયા/કાલાવડ/લાલપુર/જામજોધપુર
૭. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

   ...ઉક્ત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ. શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

૮. આ કચેરીની રેકર્ડ શાખા તરફ

   ...જાહેરનામું પ્રસિદ્ધ થયેલ ગેઝેટની નકલ મળ્યેથી મેજી. શાખામાં મોકલી આપવા સારું.

૯. આઈ.સી.ટી. ઓફિસરશ્રી, કલેક્ટર કચેરી, જામનગર
૧૦. સિલેક્ટ ફાઈલે.

૧૧. મુખ્ય ઈજનેરશ્રી, (ટ્રાન્સમિશન)
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી.,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭